Digital India
Power To Empower

ધી દાહોદ અર્બન કો-ઓપ. બેન્ક લિ., દાહોદ

વિશ્વાસ | પારદર્શિતા | સહકાર | પ્રગતિ

૯૦ મો

વાર્ષિક અહેવાલ

૨૦૨૫-૨૬

PROUDLY CO-OPERATIVE

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

: ચેરમેન :

શ્રી શ્રેયસભાઇ ઇન્દ્રવદન શેઠ
B.Com., L.L.B., A.C.S.

શ્રી શૈલેષભાઇ હીરાલાલ સરૈયા (B.Com., L.L.B)
શ્રી નિમેષભાઇ હર્ષદરાય શાહ (B.Com.)
શ્રી રાજેશકુમાર શંભુપ્રસાદ ભટ્ટ (B.Com. G.D.C. & A)
શ્રી ગિરીશચન્દ્ર મગનલાલ પટેલ (B.A)
શ્રી રાજેશભાઇ શાંતિલાલ અગ્રવાલ (D.M.E.)
શ્રી પિરેન્દ્રભાઇ રમણલાલ ગાંધી (Sy. B.Com.)
શ્રી શૈલેષભાઇ નેનુમલ થાવરાણી (C.A. Inter)
શ્રી જયેશકુમાર શાંતિલાલ શાહ (M.B.A.)
શ્રી પારસલાલ રતનલાલ જૈન (M.Sc., B.Ed.)
શ્રીમતિ ઉષાબેન મોહન અગ્રવાલ (B.Sc.)
શ્રીમતિ મીનાબેન વિકાસભાઇ ભૂતા (B.Sc. M.A., B.Ed.)
શ્રી ચંદ્રકાંત રાજીયાભાઇ પારગી (રીટાયર્ડ નાયબ મામલતદાર)

બોર્ડ ઓફ મેનેજમેન્ટ

: ચેરમેન :

શ્રી શૈલેષભાઇ હીરાલાલ સરૈયા
B.Com., L.L.B.

શ્રી શ્રેયસભાઇ ઇન્દ્રવદનભાઇ શેઠ (B.Com., L.L.B., A.C.S)
શ્રી નિમેષભાઇ હર્ષદરાય શાહ (B.Com.)
શ્રી સંતચરણ રતીલાલ રાવ (M.A., L.L.B.)
શ્રી નિશીથભાઇ નટવરલાલ દેસાઇ (B.Com.)
શ્રી નિશીધભાઇ કનૈયાલાલ ગાંધી (B.Com., CAIIB Part - 1)

શાખ કમિટી

: ચેરમેન :

શ્રી ગજેન્દ્રભાઇ ચુનીલાલ પંચાલ

શ્રી સુધીરકુમાર નારણદાસ મોઢીયા (D.C.E.)
શ્રી મેલાપસિંહ મહેન્દ્રસિંહ પડવાલ (B.Sc. Agri.)
શ્રી અંકિતકુમાર નરેશકુમાર ચોક્સી (B.Sc. Chem.)
શ્રી સૌમીલકુમાર નિરેનભાઇ શાહ (B.Com.)
શ્રી દીપકભાઇ ધીરજલાલ પંચાલ
શ્રી કમલેશકુમાર પરસોત્તમદાસ શાહ
શ્રી સુશીલકુમાર બાબુલાલ ખંડેલવાલ (B.Com)
શ્રી નાસીરહુસેન મહંમદભાઇ સબ્જીફરોશ (B.Com .)
શ્રી મનીષભાઇ મોહનલાલ લુહાણા (B.Com.)
શ્રી જયંતિલાલ કાળીદાસ દેવડા

જનરલ મેનેજર (C.E.O.)

શ્રી મિલનભાઇ એચ. શાહ

સ્ટેચ્યુટરી ઓડીટર

એ.આર.જી.એસ એન્ડ એસોસિએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
વડોદરા

કન્કરંટ ઓડીટર

મે. સામનાની એન્ડ એસોસિએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
અમદાવાદ

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

શેઠશ્રી ગિરધરલાલ સહકાર ભવન, એ. પી. એમ. સી. માર્કેટ યાર્ડ, દાહોદ

વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેન્કના સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે, બેન્કના સભાસદોની ૯૦મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૭-૦૯-૨૦૨૬ ને રવિવાર સવારના ૯.૩૦ કલાકે શેઠશ્રી ગિરધરલાલ સહકાર ભવન, બીજો માળ, એ. પી. એમ. સી. માર્કેટ યાર્ડ, દાહોદમાં નીચે જણાવેલ કામો માટે મળશે તો તે સમયે પધારવા વિનંતી છે.

: એજન્ડા :

૧. ગઇ સાધારણ સભાની કાર્યવાહી (પ્રોસીડીંગ્સ) વાંચી બહાલ રાખવાનું.

૨. બોર્ડ ઓફ ડીરેકટર્સ તરફથી રજુ થયેલો તા. ૩૧/૩/૨૦૨૬ સુધીના હિસાબી વર્ષના કામકાજનો અહેવાલ, બેન્કનું સરવૈયું તથા નફા-તોટાના હિસાબો મંજુર કરવાનું.

૩. બેન્કની છેલ્લી ઓડીટ નોટની જાહેરાત.

૪. નફાની ફાળવણી મંજુર કરવાનું.

૫. સને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે બેન્કના હિસાબોનું સ્ટેચ્યુટરી ઓડીટ કરવા માટે રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની માર્ગદર્શિકા અનુસાર સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે એ. આર. જી. એસ. એન્ડ એસોસીએટ્સ, સી. એ. ફર્મ, વડોદરાની નિમણુંકની રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા, અમદાવાદ દ્વારા મંજુરી મળેલ છે. જેની નોંધ લેવા બાબત.

૬. સહકાર પ્રચાર અને ધર્માદા ફંડની વ્યવસ્થા કરવા બાબત.

૭. પ્રમુખશ્રી જે કાંઇ કામ રજુ કરે અગર તેમની મંજુરીથી રજુ થાય તે ઉપર વિચાર કરવાનું.

વ્યવસ્થાપક કમિટિના આદેશથી
મિલનભાઈ એચ. શાહ
જનરલ મેનેજર (C.E.O.)
ધી દાહોદ અર્બન કો.-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ

દાહોદ
તા. ૨૭-૦૮-૨૦૨૬, ગુરૂવાર

૧. જો કોઇ સભાસદને બેન્કના હિસાબો સંબંધી કોઇ માહિતી કે ખુલાસા મેળવવા ઇચ્છા હોય તો બેન્કને સભાના સાત દિવસ અગાઉ લેખિતમાં માંગણી કરી બેન્કના કામકાજના સમય દરમ્યાન બેન્કની ઓફીસમાં આવી જોઇ લેવા વિનંતી છે.

૨. જો કોરમ નહી થયું હોય તો આ સભા અર્ધો કલાક મુલત્વી રાખવામાં આવશે અને મુલત્વી રાખેલ સભા તે જ સ્થળે એજન્ડાના એ જ કામો માટે મળશે. જેમા કોરમની જરૂર રહેશે નહી.

૩. જો કોઇ સભાસદને વાર્ષિક અહેવાલ જોઇતો હશે તો બેન્કની ઓફીસમાંથી કામકાજના સમય દરમ્યાન મેળવી શકશે.

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

સહકારી મિત્રો,

આપણી બેન્કની ૯૦ મી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌ સભાસદોનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

આપણી બેન્ક પોતાની યશસ્વી કારકિર્દીના ૯૦ વર્ષ પૂરા કરેલા છે ત્યારે આપણે માત્ર એક વાર્ષિક સામાન્ય સભામાં એકત્રિત થયા નથી પરંતુ આપણા સૌના વિકાસ, સહકાર અને સંયુકત પ્રયત્નોથી વિકસેલી એક સહકારી સંસ્થાની સફરને પાછી નજરે જોવાનો અને ભવિષ્યની નવી દિશા નકકી કરવાનો આ મહત્વપૂર્ણ અવસર છે. વાર્ષિક સામાન્ય સભા માત્ર કાયદાકીય પ્રક્રિયા નથી પરંતુ બેન્કની કામગીરીનું મુલ્યાંકન, ભાવી દિશા અને સભાસદો સાથે વિચારોનાં આદાન-પ્રદાન માટેનું મહત્વપૂર્ણ મંચ છે. સહકારી બેન્કની સાચી તાકાત તેની ઈમારતો, ટેકનોલોજી કે નાણાંકીય આંકાડાઓમાં નથી, પરંતુ તેના સભાસદો અને ગ્રાહકોના વિશ્વાસમાં રહેલી છે. વર્ષોથી આપ સૌએ આ બેંકમાં જે વિશ્વાસ મૂકયો છે, તે અમારા માટે માત્ર જવાબદારી જ નહીં પરંતુ સતત પ્રગતિ કરવાની પ્રેરણા પણ છે, એકલા વ્યક્તિની શક્તિ મર્યાદિત હોય છે, પરંતુ સહકારથી સંકલ્પ જયારે સામૂહિક શક્તિ બને છે ત્યારે વિકાસની નવી દિશાઓ ખુલે છે.'' આ સહકારી વિચારધારાને આત્મસાત કરીને આપણી બેન્કે અત્યાર સુધીની સફર પૂર્ણ કરી છે અને હવે વધુ મજબૂત, સક્ષમ અને આધુનિક બેંકિંગ તરફ આગળ વધવાનો સંકલ્પ કર્યો છે.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વૈશ્વિક અર્થવ્યવસ્થાનું વલણ : વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વિશ્વમાં કેટલાક મહત્વપૂર્ણ જીઓ-પોલિટિકલ તણાવો યથાવત રહ્યા. વિવિધ દેશોમાં ચાલતા સંઘર્ષોના કારણે આંતરરાષ્ટ્રીય વેપાર અને પુરવઠા સાંકળ પર અસર થઇ. ખાસ કરીને મધ્યપૂર્વ અને અન્ય વિસ્તારોમાં ઉભી થયેલી પરિસ્થિતિને કારણે કાચા તેલના ભાવમાં સમયાંતરે અસામાન્ય વધઘટ જોવા મળી. શિપિંગ ખર્ચમાં વધારો અને કેટલીક આયાતી ચીજવસ્તુઓના ભાવમાં અનિશ્ચિતતા જોવા મળી જેના કારણે અનેક દેશોએ વૈકલ્પિક સપ્લાય સોર્સ વિકસાવવાની દિશામાં પગલાં લીધાં.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન યુરોપિયન દેશોમાં ઉર્જા ખર્ચ, ધીમી ઔધોગિક ઉત્પાદન ક્ષમતા અને નબળી માંગને કારણે આર્થિક વૃધ્ધિ મર્યાદિત રહી. ચીનમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રની મંદી, સ્થાનિક માંગમાં ઘટાડો અને નિકાસમાં નબળાઇને કારણે વૈશ્વિક વેપાર અને રોકાણ પર અસર પડી. અમેરિકાએ મજબૂત રોજગારી, ગ્રાહક ખર્ચ અને ટેકનોલોજી ક્ષેત્રના વિકાસના આધારે પોતાની આર્થિક વૃધ્ધિ જાળવી રાખી. ભારતમાં સેવા ક્ષેત્ર, ઉત્પાદન ક્ષેત્ર, ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ અને વધતા ઘરેલુ વપરાશના કારણે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં સ્થાન જાળવી રાખ્યું.

વર્ષ ૨૦૨૫-૨૬ વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે પુનઃસ્થિરતા અને પરિવર્તનનો સમય રહ્યો. વ્યાજદરમાં રાહત, ટેકનોલોજીનો ઝડપી વિકાસ અને ડિજિટલ નાણાંકીય સેવાઓના વિસ્તરણથી વૈશ્વિક અર્થતંત્રને નવી દિશા મળી. જોકે જીઓ-પોલિટિકલ અનિશ્ચિતતા, ચીનની આર્થિક મંદી અને વૈશ્વિક વેપાર સંબંધિત પડકારો હજુ પણ વિશ્વ અર્થવ્યવસ્થા માટે મહત્વના જોખમ તરીકે રહ્યા.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતીય અર્થવ્યવસ્થા :

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતીય અર્થવ્યવસ્થાએ વૈશ્વિક મંદી, ભૂરાજકીય તણાવ અને વેપારની અનિશ્ચિતતા છતાં ભારતની આંતરિક માંગ (Domestic Demand), મજબૂત નાણાકીય વ્યવસ્થા અને સરકારના વિકાસલક્ષી ખર્ચને કારણે આર્થિક પ્રવૃત્તિઓમાં સતત વધારો થયો. મોંઘવારીનું નિયંત્રણ, નાણાકીય શિસ્ત, મજબૂત બેંકિંગ વ્યવસ્થા, વધતા ડિજિટલ વ્યવહારો, ઇન્ફ્રાસ્ટ્રકચર વિકાસ અને સરકારના વિવિધ સુધારાત્મક પગલાઓના કારણે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં અગ્રેસર રહ્યું.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન દેશમાં રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાએ અભુતપૂર્વ પડકારો, વાદળ છાયા વૈશ્વિક અર્થતંત્ર વચ્ચે પણ Repo Rate ને વર્તમાન આર્થિક પરિસ્થિતિને અનુરૂપ જાળવી રાખી તથા Liquidity Management દ્વારા બજારમાં નાણાની ઉપલબ્ધિ ઉપર નિયંત્રણ રાખ્યું અને Monetary Policy Committee (MPC) દ્વારા નિયમિત સમીક્ષા કરી ભાવ સ્થિરતા જાળવવા માટે સર્વસંમતિથી સંતુલિત નાણાકીય નીતિ અપનાવી. વ્યાજદરમાં સ્થિરતા આવવાથી તથા વિદેશી રોકાણકારો માટે સાનુકૂળ વાતાવરણ ઉભુ કરી ઉદ્યોગો-વેપાર ધંધા માટે મૂડીની ઉપલબ્ધિ સરળ બની.

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

રીઝર્વ બેન્કઓફ ઇન્ડીયા - વર્ષ ૨૦૨૫-૨૬ :

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતીય બેંકિંગ ક્ષેત્રએ નોંધપાત્ર મજબૂતી દર્શાવી. બેન્કોની સમયસર વસૂલાત, One Time Settlements (OTS), SARFAESI કાર્યવાહી દ્વારા બાકી લોનની વસૂલાતમાં સુધારો થયો. પરિણામે બેંકોમાં Gross NPA તથા Net NPA ના પ્રમાણમાં ઘટાડો થયો.

આપણો દેશ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વિશ્વના સૌથી મોટા **ડિજિટલ પેમેન્ટ ઇકોસિસ્ટમ** તરીકે ઉભર્યુ. UPI દ્વારા દર મહિને રેકોર્ડ સંખ્યામાં ટ્રાન્ઝેકશ થયા. નાના વેપારીઓ, ગ્રામ્ય વિસ્તારો અને સામાન્ય નાગરિકોમાં UPI નો વ્યાપક ઉપયોગ થયો. QR Code આધારિત ચુકવણી સામાન્ય બની ગઇ. IMPS, NEFT, RTGS, RuPay અને FASTag જેવા માધ્યમોનો ઉપયોગ સતત વધ્યો Mobile Banking અને Internet Banking સેવાઓમાં નોંધપાત્ર વધારો થયો આમ, Cashless Economy તરફ ભારતે વધુ પ્રગતિ કરી.

ડિજિટલ વ્યવહારોમાં વૃદ્ધિ સાથ RBI અને બેંકોએ Cyber Security, Fraud Monitoring, Multi-Factor Authentication અને ગ્રાહક જાગૃતિ ઉપર વિશેષ ભાર મૂકયો.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતીય રીઝર્વ બેન્ક (RBI) એ Urban Co-operative Bank માટે નિયમનકારી (Regulatory) અને દેખરેખ (Supervisory) વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો અભિગમ અપનાવ્યો. તેનો મુખ્ય હેતુ સહકારી બેંકોમાં Good Governance, Financial Stability, Risk Management, Cyber Security, Regulatory Compliance અને થાપણદારોના **હિતોનું રક્ષણ** સુનિશ્ચિત કરવાનો હતો. RBI દ્વારા અપેક્ષા રાખવામાં આવી કે સહકારી બેંકો માત્ર નિયમોનું પાલન જ નહીં કરે, પરંતુ Risk-based, Technology-driven અને Compliance-Orinted Banking તરફ આગળ વધે.

આવનારા સમયમાં RBI નો અભિગગમ થાપણદારોના **હિતોનું રક્ષણ, નિયમન આધારિત દેખરેખ ઉપરાંત ''જોખમ આધારિત, ટેકનોલોજી સક્ષમ અને ભવિષ્યલક્ષી દેખરેખ''** તરફ વધુ કેન્દ્રિત રહેશે.

સહકારી બેંકો માટે હવે માત્ર નિયમોનું પાલન કરવું પૂરતું રહેશે નહી. પરંતુ મજબૂત સુશાસન, ગુણવત્તાયુકત ધિરાણ, આધુનિક ટેકનોલોજી, સાયબર સુરક્ષા, અસરકારક આંતરિક નિયંત્રણ, સમયસર અનુપાલન અને ગ્રાહક કેન્દ્રિત સેવાઓ દ્વારા પોતાની કાર્યક્ષમતા વધારવી પડશે.

જે સહકારી બેંકો AI આધારિત ડિજિટલ બેંકિંગ, જોખમ આધારિત પ્રક્રિયા, મજબૂત અનુપાલન વ્યવસ્થા અને પારદર્શક ગર્વનન્સ અપનાવશે, તે જ ભવિષ્યમાં વધુ વિશ્વસનીય, સ્પર્ધાત્મક અને નાણાકીય રીતે સક્ષમ સંસ્થાઓ તરીકે ઉભરી આવશે.

મને વિશ્વાસ છે કે આપણી બેન્ક મજબૂત સંસ્થાકીય માળખું, પારદર્શક વહીવટ, આધુનિક ટેકનોલોજીનાં અસરકારક ઉપયોગ, ગુણવત્તાયુકત ગ્રાહક સેવા અને સમયસર નિયમનકારી અનુપાલન દ્વારા આપણે આપણા સભાસદો, થાપણદારો અને ગ્રાહકનો વિશ્વાસ વધુ મજબુત બનાવી શકીશું તથા સહકારી બેંકિંગ ક્ષેત્રના ટકાઉ અને સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપતા રહીશું.

ગ્રાહક લક્ષી :-

આપણી બેન્ક ટેકનોલોજી આધારિત તમામ સેવાઓ સભાસદો, ગ્રાહકો તથા ખાતેદારોને વિના મૂલ્યે આપી રહી છે અને તેનો લાભ આપણી બેન્કના ખાતેદારો લઇ રહ્યા છે. પ્રાઇવેટ તથા સરકારી બેન્કો જે અદ્યતન સેવાઓ ચાર્જીસ લઇ આપી રહી છે તેવા સમયે આપણા વધુમાં વધુ ખાતેદારો આ વિના મૂલ્યની સેવાઓનો લાભ લે તે માટે આપનો સાથ અને સહકાર જરૂરી છે. આ સમગ્ર સેવાઓ માટે બેન્ક દ્વારા ટેકનોલોજી ક્ષત્રે કરેલ મૂડી રોકાણને પરિણામલક્ષી બનાવવા બેન્કની અદ્યતન ડીજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરવા બેન્કના સૌ સભાસદો તથા ગ્રાહકોને વિનંતી છે.

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

વધુમાં આપ સહુને જણાવવાનું કે જેવા ડીજીટલ વ્યવહારો વધ્યા છે તેવા સાઇબર ક્રાઇમ પણ વધ્યા છે. આ અંગે રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાએ આપેલ માર્ગદર્શિકા મુજબ બેન્કને સાઇબર ક્રાઇમ સામે રક્ષણ મેળવવા સક્ષમ બનાવી જ છે. આમ છતાં બેન્કનાં દરેક ગ્રાહકો અને ખાતેદારોએ આ અંગે જે તકેદારી તથા જાગૃતતા કેળવવાની છે તે અંગેની સુચનાઓ રિપોર્ટમાં અન્યત્ર દર્શાવેલ છે. જેનો સૌ ગ્રાહકો તથા ખાતેદારોએ ચુસ્તપણે અમલ કરવા વિનંતી છે.

નાણાંકીય પરિસ્થિતિ :

આ સાથે વર્ષ ૨૦૨૫-૨૬ ના હિસાબી વર્ષના અન્વેષિત અને બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા મંજુર કરાયેલા હિસાબો, સરવૈયું અને નફા તોટાના પત્રકો - ઓડીટ રિપોર્ટ તેમજ અહેવાલ સાથી સભ્યો વતી રજુ કરતાં આનંદ અનુભવું છું.

સ્વકીય ભંડોળ :-

તા. ૩૧-૩-૨૦૨૬ ના વર્ષ અંતે બેન્કના કુલ ભંડોળ રૂા. ૧૨,૯૫૯.૯૯ લાખ પૈકી ભરપાઇ થયેલ શેરમુડી રૂા. ૬૫૫.૪૦ લાખ તથા અન્ય રીઝર્વ રૂા. ૧૨,૩૦૪.૫૯ લાખનો સમાવેશ થાય છે. અને તે ઉપરાંત સને ૨૦૨૫-૨૬ ના વર્ષના નફામાંથી ભરવા પાત્ર ઇન્કમ ટેક્ષને બાદ કરતાં રૂા ૭૦૮.૭૩ લાખ ના ભંડોળો ઉમેરાતા બેન્કનું કુલ સ્વકીય ભંડોળ રૂા. ૧૩૬૬૮.૭૨ લાખ થશે, જે બેન્કની ઉત્તરોતર વધતી જતી સધ્ધરતા અને વિકાસની પ્રતિતિ કરાવે છે. જેની આપ સૌને જાણ કરતા આનંદની લાગણી અનુભવું છું.

થાપણો :-

શહેરમાં સતત ડીજીટલ ટેકનોલોજીથી સજજ પ્રાઇવેટ તથા સ્મોલ ફાઇનાન્સ સહિતની અન્ય બેન્કોની શાખાઓમાં થતા વધારા વચ્ચે તીવ્ર હરીફાઇનું નિર્માણ તથા કુગાવાને લીધે નગરજનો ઉપર પડેલ વિપરીત અસરો થયેલ હોવા છતાં ચાલુ વર્ષે આપણી બેંકની થાપણોમાં વધારો થયો છે. ગ્રાહકો અને સભાસદોના બેન્ક પ્રત્યેના અતુટ વિશ્વાસને કારણે વર્ષાન્તે એકંદર ૪૭૧૭૦ થાપણ ખાતાઓમાં કુલ ડીપોઝીટ રૂા. ૬૮૨.૯૬ કરોડ (ડીપોઝીટ રૂા. ૬૬૫.૩૩ તથા ડીપોઝીટ ઉપર ચુકવવા પાત્ર વ્યાજ રૂા. ૧૭.૬૩ કરોડ) રહી છે. થાપણોમાં ગયા વર્ષની સરખામણીએ ૧૧.૯૭% નો વધારો થયેલ છે. હાલ સીનીયર સીટીઝનને ૦.૫૦% તથા સુપર સીનીયર સીટીઝનને ૦.૭૫% વધુ વ્યાજ આપવામાં આવે છે. બેન્કમાં લો-કોસ્ટ ડીપોઝીટનું પ્રમાણ વધે તે માટે દરેક શહેરીજન આપણી બેન્કમાં કરંટ ખાતા અથવા સેવિંગ્સ ખાતા ખોલાવી બેન્ક સાથે વ્યવસાયિક સંબંધ પ્રસ્થાપિત કરે તે માટે બેન્ક તરફથી સતત પ્રયત્ન કરવામાં આવે છે. અને બેન્ક સેવિંગ્સ થાપણ ખાતાઓમાં રોજે રોજની જમા બાકી ઉપર ત્રિમાસિક ધોરણે વ્યાજ જમા આપે છે. લો-કોસ્ટ ડીપોઝીટ હાલમાં કુલ ડીપોઝીટનાં આશરે ૩૪.૬૧% છે. જે વધુ ને વધુ ઉપર જાય તેવા બેન્કનાં પ્રયત્નોમાં સહુ શહેરીજનો પુરતો સહકાર આપે તેવી અપેક્ષા છે.

ધિરાણો :-

વર્ષાન્તે કુલ ૩૩૩૭ ખાતેદારો પાસે રૂા. ૩૨૨.૬૬ કરોડ ધિરાણ ખાતાઓમાં બાકી હતી. તે પૈકી ૧૩૯૦ ખાતાઓમાં રૂા. ૧૩.૩૧ કરોડના અનસિકયોર્ડ અને ૧૯૪૭ ખાતાઓમાં રૂા. ૩૦૭.૩૫ કરોડ સિકયોર્ડ ધિરાણ બાકી હતી. વર્ષાન્તે ધિરાણમાં ૨.૦૯% નો ઘટાઠો થવા પામેલ છે. જેની વિગત જોતા વર્ષ દરમ્યાન ટર્મ ધિરાણમાં રૂા. ૩.૧૮ કરોડ નો વધારો જયારે માર્કેટ માં વર્ષ દરમ્યાન મંદી હોવાને કારણે કેશ ક્રેડીટમાં રૂા. ૧૦.૪૯ કરોડ નો ઘટાડો થયેલ છે. વર્ષ દરમ્યાન મેનેજિંગ કમિટિની ૨૨, શાખ કમિટીની ૨૨ બેઠકો મળી હતી.

બેન્કે હાલ તેનાં ૯૦માં વર્ષના ઉપલક્ષમાં રૂા. ૨,૦૦,૦૦૦/- ની મર્યાદામાં ૧૦.૦૦ ટકાનાં વ્યાજનાં દરે ત્વરીત જાતજામીન લોન આપવાની શરૂઆત કરી છે, જેનો લાભ નાના વેપારીઓ તથા નોકરીયાત વર્ગ પોતાના વેપાર ધંધા/સામાજીક જરૂરીયાત પૂરી કરવા લઇ રહ્યા છે. બેન્કના જરૂરીયાતવાળા સભાસદો આ યોજનાનો મહત્તમ લાભ લે તેવી સૌ સભાસદો ને વિનંતી છે. વધુમાં બેન્ક ટુ વ્હીલર તથા ફોર વ્હીલર (અંગત વપરાશ) માટે ૮.૦૦ ટકાનાં નજીવા વ્યાજના દરે ધિરાણ આપી રહી છે તેનો પણ વધુમાં વધુ સભાસદો લે તેવી સૌ સભાસદોને વિનંતી છે.

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

ડી.આઇ.સી.જી. સી. પ્રિમિયમ :- રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાએ ડીઆઇસીજીસી અંતર્ગત રૂા. ૫.૦૦ લાખ સુધીની ડીપોઝીટ વિમા કવચથી સુરક્ષિત છે તે મુજબ તા. ૩૧/૦૩/૨૦૨૬ ની કુલ ડીપોઝીટ તથા અન્ય જવાબદારીઓ રૂા. ૬૮૬.૧૧ કરોડ ઉપર તા. ૩૦/૦૯/૨૦૨૬ સુધીની પ્રિમીયમની રકમ બેન્કે ડીઆઇસીજીસી ને ચુકવી આપેલ છે.

બેન્કે સને ૨૦૨૫-૨૬ ના વર્ષે દરમ્યાન રૂા. ૭૫,૮૮,૧૬૧.૦૪ પ્રિમિયમ તથા રૂા. ૧૩,૬૫,૮૮૧.૮૪ જી.એસ.ટી. મળી કુલ રૂા. ૮૯,૫૪,૦૪૨.૮૮ નું પ્રિમિયમ ભરેલ છે જે બેન્કની ડીપોઝીટના રૂા. ૦.૧૩% થાય વધુમાં બેન્કે તા. ૩૦/૦૯/૨૦૨૬ સુધીની છ માસિક પ્રિમિયમની રકમ રૂા. ૨૭,૪૪,૪૨૨.૦૦ તથા જી.એસ.ટી. રૂા. ૪,૯૩,૯૯૫.૯૬ મળી કુલ રૂા. ૩૨,૩૮,૪૧૭.૯૬ તા. ૨૫/૦૫/૨૦૨૬ નાં રોજ ડીપોઝીટ ઇન્સ્યુરન્સ એન્ડ કેડીટ કોર્પોરેશનને મોકલી આપેલ છે.

રોકાણો :- અહેવાલમાં દર્શાવ્યા પ્રમાણે આપણી બેન્કની અન્ય બેન્કોમાં ટર્મ ડીપોઝીટ રૂા. ૯૫.૯૯ કરોડ, ગર્વમેન્ટ સિકયુરીટીમાં રૂા. ૩૬૫.૩૫ કરોડ તથા નોન એસ.એલ.આર. રોકાણો રૂા. ૦૦.૮૦ કરોડ મળી કુલ રોકાણો રૂા. ૪૬૨.૧૪ કરોડ છે. જે રીઝર્વ બેન્ક દ્વારા સુચિત હાલના ધારા ધોરણની મર્યાદામાં છે.

નોન પરફોર્મિંગ એસેટ્સ અને પ્રોવિઝન તથા રીકવરી :- બેન્કનું પાછલા વર્ષનું એન.પી.એ. ૧૮૫ ખાતાઓમાં રૂા. ૧૪.૨૯ કરોડ હતું, જે પૈકી વર્ષ દરમ્યાન રૂા. ૧.૨૬ કરોડની વસુલાત થતા તથા ચાલુ વર્ષે રૂા. ૧.૪૬ કરોડનું નવું એન.પી.એ. ઉમેરાતા વર્ષ આખરે ૧૫૮ ખાતાઓમાં રૂા. ૧૪.૫૦ કરોડ રહેવા પામેલ છે. જે એકંદર ધિરાણના ૪.૫૨% છે. જે પૈકી ૬૧ ધિરાણ ખાતામાં રૂા. ૧૩.૬૪ કરોડ સિકયોર્ડ ધિરાણ અને ૯૭ ખાતામાં રૂા. ૦.૮૬ કરોડ જેટલું અનસિકયોર્ડ ધિરાણ છે. તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજ ગ્રોસ એન. પી.એ. રૂા. ૧૪.૫૦ કરોડ ની સામે કાયદેસર કરવી પડતી રૂા. ૭.૧૪ કરોડની જોગવાઇ કરવાની રહે છે. તે સામે બેન્કે રૂા. ૧૭.૪૩ કરોડની જોગવાઇ કરી છે. આમ બેન્કનું તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજ નેટ એન.પી.એ. શુન્ય ટકા છે. તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજ બેન્કનું ડુબત અને શંકાસ્પદ લેણા અનામત રૂા. ૧૭.૪૩ કરોડનું છે. જે વર્ષ આખરનાં ચોખ્ખા નફામાંથી રૂા. ૧.૧૮ કરોડની ફાળવણી ની ભલામણ કરેલ છે. તે જોતા બેન્કનું ડુબત અને શંકાસ્પદ લેણા અનામત રૂા. ૧૮.૬૧ કરોડ થશે.

આપણી બેન્કમાં હાલ એન.પી.એ. તથા ઓવરડયુની વસુલાત માટે એક અલગ સેલ છે, અને આ સેલ દ્વારા એન.પી.એ. તથા ઓવરડયુની વસુલાત માટે સઘન પ્રયત્નો થઇ રહ્યા છે. બેન્ક દ્વારાઆ વર્ષે SARFAESI, Act 2002 અંતર્ગત નોટીસો આપેલ છે, જેના પરિણામો પણ સારા મળી રહ્યા છે. આપ સૌ સભાસદો તથા ગ્રાહકો પણ બેન્કના હિતેચ્છુક હોઇ બેન્કનું એન.પી.એ. તથા ઓવરડયુ વસુલાત માટે સહભાગી થાઓ તેવી આપ સૌને વિનંતી છે.

આપનું કરજ ખાતુ અનિયમિત કે એન.પી.એ. નહી થાય તે માટે કરજ લેનાર સભાસદે નિયત થયેલ હપ્તાની રકમ નિયત તારીખે ભરવા માટે ચોકસાઇ રાખવી ખુબજ જરૂરી છે. તેમજ જામીન તરીકે જે ખાતામાં જામીન તરીકેની જવાબદારી લીધેલ હોય તેવા ખાતા નિયમિત ચાલે તે માટે તકેદારી રાખવી તે તેમના હિતમાં છે.

મુડી પર્યાપ્તતા ગુણોત્તર (સી.આર.એ.આર) :- રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના અર્બન કો-ઓપરેટીવ બેન્કો માટેના ન્યુનતમ ૧૨.૦૦% મુડી પર્યાપ્તતા ગુણોત્તરના ધોરણ સામે બેન્કનો વર્ષ ૨૦૨૪-૨૫ ના અંતે ૩૦.૪૧% હતો. જે આ વર્ષના અંતે ૩૩.૨૯% થયો છે.

ઓડીટ વર્ગ :- સ્ટેચ્યુટરી ઓડીટરશ્રી એ બેન્કને ઓડીટ વર્ગ આપવા અંગેના ગુણ પત્રકના આધારે આપણી બેન્કને ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે ઓડીટ વર્ગ ''અ'' આપેલ છે.

નફાની ફાળવણી :- સને ૨૦૨૫-૨૬ ના નાણાંકીય વર્ષનો જોગવાઇઓ તથા કરવેરા પહેલાનો ખરેખર નફો રૂા. ૧૫,૩૮,૩૮,૫૬૮.૬૨ થયેલ છે. જેમાથી રૂા. ૨,૮૦,૦૦,૦૦૦.૦૦ કરવેરાની જોગવાઇ તથા રૂા. ૪,૬૯,૩૮,૭૯૩.૦૦ અન્ય જોગવાઇ બાદ કરતાં રૂા. ૭,૮૮,૯૯,૭૭૫.૬૨ સદર નાણાંકીય વર્ષનો ખરેખર ચોખ્ખો નફો થયો છે. જે દર્શાવેલ નફો રૂા. ૭,૮૮,૯૯,૭૭૫.૬૨ ની બેન્કના બોર્ડ ઓફ ડીરેકટર્સે નીચે દર્શાવ્યા મુજબની ફાળવણીને મંજુર કરવા આપને ભલામણ કરેલી છે. જેની મંજુરી આપવા વિનંતી છે.

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

પેટા કલમ	વિગત	રકમ રૂા.	કુલ રકમ રૂા.
૪૪-અ	૨૫% રીઝર્વ ફંડ ખાતે (કુલ ચોખ્ખા નફાના ૨૫% થી ઓછી નહિ.)		૨,૨૦,૪૦,૭૭૨.૫૨
૪૪-અ (૧)	સ્પેશ્યલ બેડ એન્ડ ડાઉટ કુલ રીઝર્વ (નફાના ૧૫% સહકારી કાયદાની કલમ ૬૭ ક મુજબ)		૧,૧૮,૩૪,૯૬૬.૦૦
૪૪-ક	શિક્ષણ ફંડ		૨,૦૦,૦૦૦.૦૦
૪૪-ડ	ડીવીડન્ડ ખાતે ૧૨%		૭૮,૨૪,૦૩૭.૧૦
RBI ની માર્ગદર્શિકા મુજબ	ઇન્વેસ્ટમેન્ટ ફલ્કચુએશન રીઝર્વ		૫૦,૦૦,૦૦૦.૦૦
	બાકી નફો	૩,૨૦,૦૦,૦૦૦.૦૦	
૪૪-ઈ-(૧)	ધર્માદા ખાતે ચોખ્ખા નફાનાં ૧.૦૦% સુધી		૧૦,૦૦,૦૦૦.૦૦
	બાકી નફો	૩,૧૦,૦૦,૦૦૦.૦૦	
૪૪-ઈ-(૨)	સભાસદ કલ્યાણનિધી ખાતે		૧૦,૦૦,૦૦૦.૦૦
	બાકી નફો	૩,૦૦,૦૦,૦૦૦.૦૦	
૪૪-ઈ-(૪)	બિલ્ડીંગ ફંડ ખાતે		૩,૦૦,૦૦,૦૦૦.૦૦
	કુલ ચોખ્ખો નફો		૭,૮૮,૯૯,૭૭૫.૬૨

(નોંધ :- બેન્કના પાછલાં પાંચ વર્ષનો કુલ નફો, ભરેલ ઇન્કમટેક્ષ, પ્રોવિઝન તથા ચોખ્ખા નફાની વિગતો રિપોર્ટમાં અન્યત્ર દર્શાવેલ છે.)

ડિવીડન્ડ :-

આજની સખત હરીફાઇના સમયમાં બેન્કની સધ્ધરતામાં વધુમાં વધુ વધારો કરતા રહેવું હવે આવશ્યક હોઇ બેન્ક તેના નફામાંથી મહત્તમ ભંડોળો વધારવા સતત પ્રયત્ન કરતી રહી છે. પ્રવર્તમાન સંજોગોમાં જયારે ડીપોઝીટ ઉપરના વ્યાજના દરો સતત ઘટી રહ્યા હોવા છતાં બેન્કની બોર્ડ ઓફ ડીરેકટર્સે ૧૨% ડીવીડન્ડ જાહેર કરી ચુકવવા ભલામણ કરી છે. જે આપ સર્વે તે સ્વીકારીને મંજુરી આપશો એવી વિનંતી છે.

ધર્માદા ફંડ ખાતેથી ચુકવણી :-

વર્ષ દરમ્યાન ધર્માદા ફંડ ખાતેથી રૂા. ૫૦,૦૦૦.૦૦ ની રકમ નીચે વિગતે આપવામાં આવેલ છે.

પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદ	રૂા. ૨૫,૦૦૦.૦૦
દાહોદ અનાજ મહાજન ગૌ શાળા	રૂા. ૨૫,૦૦૦.૦૦
કુલ રૂા.	રૂા. ૫૦,૦૦૦.૦૦

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

બોર્ડની પેટા સમિતિઓ :- બેન્કે, બેન્કના જુદા જુદા કામો માટે જે કામોને લગતી તમામ બાબતોનું યોગ્ય સંચાલન અને મોનિટરીંગ થાય તે માટે અન્ય વિવિધ સમિતિઓની રચના કરેલ છે. બેન્કમાં મેનેજિંગ કમિટી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ કમિટિ, શાખ કમિટી, ઇન્વેસ્ટમેન્ટ કમિટિ, ઓડીટ કમિટિ, ઓવરડયુ મોનિટરીંગ - વસુલાત કમિટી તથા સાયબર સિકયુરીટી કમિટી સહિતની તમામ કમિટીઓ કાર્યરત છે, અને આ કમિટીઓએ બોર્ડ દ્વારા સોંપવામાં આવેલ ફરજ અન્વયે સંતોષકારક કામગીરી બજાવે છે. આ સમિતિઓના સેવાભાવી સભ્યોને મારા તથા બોર્ડ ઓફ ડીરેકટર્સ તરફથી ધન્યવાદ આપું છું. તેઓ તેમની વ્યસ્તતામાંથી સમય કાઢી બેન્કના વિકાસમાં ખુબજ યોગદાન આપેલ છે.

સૌ સભાસદોને જણાવવાનું કે આપણી બેંકનાં પેટાકાયદામાં કરેલ જોગવાઇઓ અન્વયે બેન્કનાં બોર્ડ ઓફ ડીરેકટર્સ પોતાનામાંથી એક ચેરમેન, મેનેજીંગ ડીરેકટર, જોઇન્ટ મેનેજીંગ ડીરેકટર તથા ઓન. સેક્રેટરીને ચુંટે છે. જેના અનુસંધાને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા, મુંબઇનાં તા. ૨૮/૧૧/૨૦૨૫ નાં સરકયુલર અન્વયે અર્બન કો-ઓપ. બેન્કો બોર્ડ સ્તરે કોઇ માનદ્ હોદ્દા કે પદવીઓ બનાવશે નહી અથવા એવા હોદ્દાઓ આપશે નહી જે કાયદાકીય રીતે બિન-વૈધાનિક હોય તે મુજબનાં માર્ગદર્શન અન્વયે બેન્કનાં બોર્ડ ઓફ ડીરેકટર સ્તરે ચેરમેન સિવાયના અન્ય માનદ્ હોદ્દાઓ રદ્દ કરેલ છે.

અવસાન નોંધ :- ચાલુ વર્ષ દરમ્યાન આપણી સંસ્થાના ભૂતપૂર્વ ડિરેકટરશ્રીઓ શ્રી પ્રભુદયાલ મહોરીલાલ અગ્રવાલ, શ્રી દિપકભાઇ ચિમનલાલ શાહ તથા શ્રી રજનીકાન્ત ચીમનલાલ કડકીયાનું દુઃખદ અવસાન થયેલ છે. જેઓએ બેન્કના વિકાસ, પ્રગતિ અને સુદૃઢ નિર્માણમાં આપેલી સેવાઓ અને યોગદાન હંમેશા સ્મરણીય રહેશે. જેઓ બેન્કના પ્રખર હિતેચ્છુ હતા. આપણી બેન્ક ને સ્વર્ગસ્થ ભૂતપૂર્વ ડિરેકટર્સશ્રીઓના નિધનથી બેન્ક પરિવારને અપૂરણીય ખોટ પડી છે. આ પ્રસંગે આપણે આપ સૌ ડિરેકટરશ્રીઓને ભાવભીની શ્રધ્ધાંજલી અપર્ણ કરીએ છીએ અને પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે દિવંગત આત્માઓને ચિરશાંતી અર્પે તથા તેમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.

આભાર દર્શન :- બેન્કની ઉત્તરોત્તર પ્રગતિમાં વધારો કરવામાં સૌ સભાસદો, થાપણદારો, ગ્રાહકો, ખાતેદારોનો બેન્ક સાથે લાગણી સભર સંબંધ, સહયોગ અને વિશ્વાસએ મહત્વનો જે ભાગ ભજવ્યો છે તે બદલ સૌ પ્રત્યે આભાર વ્યકત કરું છું.

બેન્કનાં બોર્ડ ઓફ ડીરેકટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા શાખ કમિટીના ચેરમેન તથા તમામ સભ્યશ્રીઓએ બેન્કમાં પોતાનો અમુલ્ય સમય ફાળવી નિયમિત હાજરી આપી બેન્કના દૈનિક કામકાજમાં કામગીરી તેમજ જવાબદારી વહન કરવામાં બેન્કના સુચારૂ સંચાલનમાં સહયોગ આપવા બદલ અને ઉપયોગી માર્ગદર્શન તથા સલાહ સુચન પુરા પાડી મારી સાથે સમાન હિસ્સો ગણી સાથ સહકાર આપેલ છે. તે સૌનો આ તબકકે હૃદયપૂર્વક આભાર માનું છું.

બેન્કના સરળ વહીવટ માટે જરૂરી સલાહ સુચનો તેમજ માર્ગદર્શન આપવા બદલ બેન્કના ભુતપૂર્વ હોદેદારશ્રીઓ, રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા, અર્બન બેન્ક સુપરવિઝન વિભાગના અધિકારીશ્રીઓ, ડીસ્ટ્રીકટ તથા સ્ટેટ રજીસ્ટ્રારશ્રી, કો. ઓપ સોસાયટીઝ ગુજરાત રાજય, ગુજરાત અર્બન કો.-ઓપ. બેન્કસ ફેડરેશન, અમદાવાદ, સ્ટેટ કો.-ઓપ બેન્ક તથા જીલ્લા સહકારી બેન્કના હોદેદારશ્રીઓ, સ્ટેચ્યુટરી ઓડીટરશ્રી, એ.આર.જી.એસ. એન્ડ એસોસીએટ્સ વડોદરા, બેન્કના કન્કરંટ ઓડીટરશ્રી, ટેક્ષ ઓડીટરશ્રી, સ્ટોક ઓડીટરશ્રી, તમામ લીગલ એડવાઇઝર્સ તથા અન્ય સંબંધિત સંસ્થાઓ/એજન્સીઓના પદાધિકારીશ્રીઓ તથા જે બેન્કને વિવિધ રીતે સહાયભુત બનેલ છે, તે સર્વેનો આ તકે હાર્દિક આભાર માનું છું.

બેન્કની આગેકુચમાં જનરલ મેનેજરશ્રી, આસી. જનરલ મેનેજરશ્રી, શાખા મેનેજરો, નાના મોટા તમામ અધિકારીઓ તથા કર્મચારીઓએ નિષ્ઠા અને વફાદારીપૂર્વક કાર્ય કરી બેન્કને પરિણામલક્ષી બનાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. આગામી વર્ષે પણ તેઓ હરીફાઇ યુકત બેન્કીંગ યુગમાં વધુ કાર્યક્ષમ સેવાઓ આપશે તેવી અપેક્ષા સાથે તેઓની સેવાઓને બિરદાવું છું અને અર્બન બેન્ક પરિવારનો હૃદયપૂર્વક હાર્દિક આભાર માનું છું.

અંતમાં બસ એટલું કે બેન્કનો વિકાસ આધુનિક ડીજીટલ ટેકનોલોજીના યુગમાં, પારદર્શી વહિવટ અને પરિણામલક્ષી બેન્કીંગના સંકલ્પ સાથે આપણી બેન્ક, વર્તમાન હરીફાઇના યુગમાં તેની પ્રતિષ્ઠા અને પ્રતિભા વધે અને પરિણામલક્ષી ઉત્તરોત્તર પ્રગતિ સાધે તે માટે બેન્ક પરિવાર સતત કાર્યરત છે.અને તે સાતત્ય જળવાઇ રહે તે માટે પરમ દયાળુ પરમાત્મા આપણે સૌને બળ, સંઘશક્તિ તથા શુભનિષ્ઠા આપે તેવી પ્રાર્થના સહ વિરમું છું.

સૌનો ખુબ ખુબ આભાર....

દાહોદ
તા. ૨૭/૦૮/૨૦૨૬

શ્રેયસભાઇ આઇ. શેઠ
ચેરમેન

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

KYC (KNOW YOUR CUSTOMER) અંગેની જરૂરી સૂચના

આથી બેંકના તમામ સેવિંગ્સ તથા ચાલુ થાપણ ખાતેદારો, આપ સૌ જાણો છો કે આર. બી. આઇ. ના આદેશ મુજબ કે.વાય.સી. નોર્મસ હેઠળ જરૂરી પુરાવા બેંકમાં આપવા ફરજીયાત છે. જેથી આપ સૌ ખાતેદારોને નમ્ર અરજ છે કે હજુ સુધી પણ જે ખાતેદારોના કે. વાય. સી. આપવાના બાકી હોય તેઓ તાત્કાલીક બેંકમાં આવી આપી જાય બેંકને સાથ સહકાર આપવા વિનંતી છે.

૧. સેવિંગ્સ/કરંટ તથા તમામ થાપણ ખાતા માટે

- ❖ પાસપોર્ટ સાઇઝના નવા/તાજા કલર ફોટા નંગ ૪ (ચાર)
- ❖ આઇ.ડી. પ્રુફ - પાન કાર્ડ, આધાર કાર્ડ (બંને ફરજીયાત) ડ્રાઇવિંગ લાઇસન્સ, ચુંટણી કાર્ડ કે પાસપોર્ટ પૈકી કોઇપણ એક
- ❖ એડ્રેસ પ્રુફ - તાજેતરનું લાઇટ બીલ તથા ટેલીફોન બિલ અથવા રાશન કાર્ડ પૈકી કોઇપણ એક
- ❖ બેન્કને સંતોષ થાય તેવું નોકરીદાતાએ / સરકારશ્રી એ આપેલ ઓળખપત્ર

૨. ચાલુ થાપણ ખાતા માટે

- ❖ વેપાર-ધંધાનું લાઇસન્સ, ઉદ્યમ રજીસ્ટ્રેશન, જો પાર્ટનરશીપ હોય તો પાર્ટનરશીપ ડીડ, દરેક પાર્ટનરના પાસપોર્ટ સાઇઝના ફોટા, પાન કાર્ડ, આધાર કાર્ડ રહેઠાણના પુરાવા તથા વેપાર-ધંધાના સ્થળના પુરાવો.

નોંધ :

૧. રિઝર્વ બેન્કના KYC નિયમો પ્રમાણે જે ખાતાઓ KYC ન હોવાથી નિષ્ક્રીય કરેલા હોય તેવા ખાતામાં કોઇપણ જાતની લેવડ દેવડ કરવા દેવામાં આવશે નહીં તથા પેમેન્ટ માટે રજુ થયેલા ચેક રિઝર્વ બેન્કના KYC નિયમો અનુસરેલા નહીં હોવાનું જણાવી પરત કરવામાં આવશે, જે અંગે બેન્કની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં જેની અચૂક નોંધ લેશો.

૨. બેંકમાં આવતા દરેક નવા ગ્રાહક મિત્રોને જણાવવાનું કે, કોઇપણ પ્રકારનું ખાતું ખોલાવતા પહેલા CKYC રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. જે માટે ઉપરોકત પુરાવા બેંકમાં રજૂ કર્યા બાદ CKYC રજીસ્ટ્રેશન થયેથી જે તે ખાતું ખોલવાની પ્રક્રિયા કરવામાં આવશે.

૩. રિઝર્વ બેન્ક દ્વારા બેંકના તમામ ખાતેદારને રિસ્ક અનુસાર "High", "Medium" અને "Low" કેટેગરીમાં વર્ગીકૃત કરી તેમના 'KYC' અનુક્રમે બે, આઠ અને દસ વર્ષે અપડેટ કરવા જણાવેલ છે. જે ખાતેદારોના રિસ્ક વર્ગીકરણ પ્રમાણેનો સમય પૂર્ણ થઇ જાય છે તેવા તમામ ખાતેદારોએ બેંકમાં પોતાના 'KYC' પુરાવા 'Re-KYC' ફોર્મ નિયમિત જમા કરાવી દેવા વિનંતી છે. અન્યથા રિઝર્વ બેંકના નિયમાનુસાર ખાતાઓમાં લેવડ-દેવડ સ્થગિત કરવામાં આવશે.

થાપણદારો માટે ખાસ જરૂરી સૂચના :

આપની બેંકના બચત, ચાલુ તેમજ થાપણ ખાતાઓ ધરાવતા તમામ ખાતેદારોને/ડિપોઝિટરોને જણાવવાનું કે ખાતામાં ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી કોઇપણ પ્રકારના લેવડ-દેવડના વ્યવહાર થયેલ ન હોય તેવા તમામ ખાતામાં જમા રહેલ સિલક વ્યાજ સહિત રિઝર્વ બેંકના આદેશ અનુસાર The Depositer Education and Awarness Fund Scheme - 2014 માં જમા થવા મોકલી આપવાની રહે છે. જેની નોંધ લઇ ખાતામાં નિયમિત લેવડ દેવડ અચૂક કરવા નમ્ર અનુરોધ છે.

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

STATUTORY AUDITOR'S REPORT

To,
The Board of Directors/Members
The Dahod Urban Co.Op. Bank Ltd., Dahod

Report on the Audit of the Financial Statements

We have been appointed as Statutory Auditors of **The Dahod Urban Co.Op. Bank Ltd. Dahod** for the financial Year 2025-2026 by Letter No. AMD.DOS.MAG, ACG & LEGAL. NO. S371/02-16-028/2025-26 Dated 29th July, 2025.

The Bank has been registered as Co-Operative Society on 20th April, 1936 vide Registration No. 7474. The bank has been issued license under section 22 of the Banking Regulation Act, 1949 by the Reserve Bank of India to Carry on the banking business. Bank is also having it's Branches which are as under.

Name of Branch	License No. & Date	Date of Opening
Market Yard (H.O), Dahod	UBD/AH/50 31.05.1994	01/09/1995
Station Road Branch, Dahod	ACD/BL/76 26.06.1969	01/07/1970
Godhra Road Branch, Dahod	UBD/AH/744 21.01.2010	06/06/2010
Gandhi Chowk Branch, Dahod	ACD/GJ/172P 02.01.1980	20/04/1936
Chakalia Road Branch, Dahod	UBD/AH/956 29.12.2015	21/06/2016

Opinion
We have audited the Financial Statements of **The Dahod Urban Co.Op. Bank Ltd., Dahod** and it's Branches for the Financial Year 01.04.2025 to 31.03.2026 which comprise the balance sheet as the 31st March 2026 and the statement of profit and loss, including a summary of significant accounting policies, notes to the account and other explanatory information (hereinafter referred to as "The Financial Statements")

In our opinion and to the best of our information and according to the explanations given to us, the aforesaid Financial Statements give the information required by Banking regulation Act, 1949 Gujarat Co-Operative Society Act, 1961 and guidelines issued by Reserve Bank of India in the manner so required for bank and are in conformity with accounting principles generally accepted in india and give a true and fair view in conformity with the accounting principles generally accepted in India, of the state of affairs, of the Bank as at March 31, 2026, and its profit/loss for the year ended on that date.

Basis for Opinion

We conducted our audit of the Financial Statements in accordance with the Standards on Auditing (SAs) issued by ICAI. Our responsibilities under those Standards are further described in *the Auditor's Responsibilities for the Audit of the Financial Statements* section of our report. We are independent of the Bank in accordance with the Code of Ethics issued by the Institute of Chartered Accountants of India together with the ethical requirements that are relevant to our audit of the

Financial Statements and we have fulfilled our other ethical responsibilities in accordance with these requirements and the Code of Ethics. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our opinion.

"Information Other than the Financial Statements and Auditor's Report Thereon"

The Bank's Board of Directors is responsible for the other information. The other information Comprises the information included in the their report, but does not include the Financial Statements and our auditor's report thereon.

Our opinion on the Financial Statements does not cover the other information and we do not express any form of assurance conclusion thereon.

In connection with our audit of the Financial Statements, our responsibility is to read the other information and, in doing so, consider whether the other information is materially inconsistent with the Financial Statements or our knowledge obtained in the audit or otherwise appears to be materially misstated.

If, based on the work we have performed, we conclude that there is a material misstatement of this other information, we are required to report that fact. We have nothing to report in this regard.

Management's Responsibility for the Financial Statements

The Bank's Board of Directors is responsible for the matters with respect to the preparation of these Financial Statements that give a true and fair view of the financial position, financial performance, of the Bank in accordance with the accounting principles generally accepted in India, including the accounting Standards specified under section 133 of the Act. This responsibility also includes maintenance of adequate accounting record accordance with the provisions of the Act for safeguarding of the assets of the Bank and for preventing and detecting frauds and other irregularities; selection and application of appropriate accounting policies; making judgments and estimates that are reasonable and prudent; and design, implementation and maintenance of adequate internal financial controls, that were operating effectively for ensuring the accuracy and completeness of the accounting records, relevant to the preparation and presentation of the Financial Statements that give a true and fair view and are free from material misstatement, whether due to fraud or error.
In preparing the Financial Statements, the Board of Directors is responsible for assessing the Bank's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless the Board of Directors either intends to liquidate the Bank or to cease operations, or has no realistic alternative but to do so.
Those Board of Directors are also responsible for overseeing the Bank's financial reporting process.

Auditor's Responsibilities for the Audit of the Financial Statements

Our objectives are to obtain reasonable assurance about whether the Financial Statements as a whole are free from material misstatement, whether due to fraud or error, and to issue an auditor's report that includes our opinion. Reasonable assurance is a high level of assurance, but is not a guarantee that an audit conducted in accordance with SAs will always detect a material misstatement when it exists. Misstatements can arise from fraud or error and are considered material if, individually or in the aggregate, they could reasonably be expected to influence the economic decisions of users taken on the basis of these Financial Statements.

As part of an audit in accordance with SAs, We exercise professional judgment and maintain professional scepticism throughout the audit. We also:

a. Identify and assess the risks of material misstatement of the Financial Statements, whether due to fraud or error, design and perform audit procedures responsive to those risks, and obtain audit evidence that is sufficient and appropriate to provide a basis for our opinion. The risk of not detecting a material misstatement resulting from fraud is higher than for one resulting from error, as fraud may involve collusion, forgery, intentional omissions, misrepresentations, or the override of internal control.

b. Obtain an understanding of internal control relevant to the audit in order to design audit procedures that are appropriate in the circumstances.

c. Evaluate the appropriateness of accounting policies used and the reasonableness of accounting estimates and related disclosures made by management.

d. Conclude on the appropriateness of management's use of the going concern basis of accounting and, based on the audit evidence obtained, whether a material uncertainty exists related to events or conditions that may cast significant doubt on the Bank's ability to continue as a going concern. If we conclude that a material uncertainty exists, we are required to draw attention in our auditor's report to the related disclosures in the Financial Statements or, if such disclosures are inadequate, to modify our opinion. Our conclusions are based on the audit evidence obtained up to the date of our auditor's report. However, future events or conditions may cause the Bank to cease to continue as a going concern.

e. Evaluate the overall presentation, structure and content of the Financial Statements, including the disclosures, and whether the Financial Statements represent the underlying transactions and events in a manner that achieves fair presentation.

Materiality is the magnitude of misstatements in the Financial Statements that, individually or in aggregate, makes it probable that the economic decisions of a reasonably knowledgeable user of the Financial Statements may be influenced. We consider quantitative materiality and qualitative factors in

(i) Planning the scope of our audit work and in evaluating the results of our work; and
(ii) to evaluate the effect of any identified misstatements in the Financial Statements.

We communicate with those charged with governance regarding, among other matters, the planned scope and timing of the audit and significant audit findings, including any significant deficiencies in internal control that we identify during our audit.

We also provide those charged with governance with a statement that we have complied with relevant ethical requirements regarding independence, and to communicate with them all relationships and other matters that may reasonably be thought to bear on our independence, and where applicable, related safeguards.

From the matters communicated with those charged with governance, we determine those matters that were of most significance in the audit of the Financial Statements of the current period and are therefore the key audit matters. We describe these matters in our auditor's report unless law or regulation precludes public disclosure about the matter or when, in extremely rare circumstances, we determine that a matter should not be communicated in our report because the adverse consequences of doing so would reasonably be expected to outweigh the public interest benefits of such communication.

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

Report on Other Legal and Regulatory Requirements

The Balance Sheet and the Profit and Loss Account have been drawn up in Forms "A" and "B" respectively of the third schedule to the Banking Regulation Act, 1949 and provisions of the Gujarat Co- operative Societies Act, 1961 & Gujarat - Co- Operative societies Rules, 1965
We Report that;

a. The Balance Sheet and Profit and Loss account dealt with by this report are in agreement with the book of account and returns; our observation thereto are attached in Appendix - I

b. The Bank has maintained the books of accounts in accordance with guidelines of Reserve Bank of India/Provision of Co-operative Act.

c. In our opinion the Balance Sheet and Profit & Loss Account dealt with by this report generally comply with the mandatory Accounting Standards applicable to the bank.

d. The transaction of the Bank which have come to our notice are within the powers of the bank.

e. The Bank has classified the advances in accordance with guidelines of Reserve Bank of India Pertaining to Non Performing Assets.

f. The returns received from the Bank have been found adequate for the purpose of our audit.

g. Report as per the Gujarat Co-operative Societies Act, 1961 (Part-I, Part-II & Annexure-A, B,C,D,E Statement and Patraks) is annexed hereto.

h. Subject to our observation and comments attached with this report in Appendix -I, we state that Bank's Managing committee has followed the circulars / resolution and guidelines etc. issued by Reserve Bank of India.

i. Due to limited banking operation in bank following certificates are not applicable, hence same are not attached with the Audit Report for the year 2025-2026.

1). Certificate on Non-Banking Assets

2). Transfer of Loan Exposure

3). Interest subvention claims under Interest Subvention Scheme for MSMEs

4). Compliance to the instructions on 'COVID-19 - Regulatory Package

For A R G S & Associates
Chartered Accountants
FRN. 104035W

CA Arpit K. Amin
Partner
Mem No. 158010
RBI UCN. 0120354
UDIN : 26158010HGUWLZ7290

Place : Dahod
Date : 18/06/2026

ધી દાહોદ અર્બન કો-ઓપરેટીવ બેન્ક લિ. દાહોદ.

તા. ૩૧/૦૩/૨૦૨૬ ના રોજ પુરા થતાં વર્ષનાં હિસાબો સંબંધી નિતી, નોંધો તેમજ વિગતો

શિડ્યુલ – એ

(અ) અર્થસભર હિસાબી નિતીઓ :

૧. હિસાબી પદ્ધતિ - આ સાથે સામેલ હીસાબી પત્રકો જે માટે અલગથી જણાવેલ છે તે સિવાય ભારતમાં વર્ષોથી પ્રચલિત હિસાબી પદ્ધતિ તેમજ પ્રવર્તમાન કાયદાકીય જોગવાઇઓ તથા પ્રેક્ટીસના આધારે તૈયાર કરેલ છે.બેંકના હિસાબો ''ગોઇંગ કન્સર્ન'' ની માન્યતાને આધારે તેમજ વ્યવહારોની સાતત્યતાના આધારે તૈયાર કરવામાં આવેલ છે.

૨. આવક માન્યતા - બધીજ આવકોનું જમા ખર્ચ મળવા પાત્ર આવકના આધારે લીધેલ છે સિવાય કે નાની રકમના વ્યવહારની અચોક્કસતા અને પ્રચલિત પ્રેક્ટીસને ધ્યાનમાં લેતા લોકર્સ ભાડુ, કમીશન, ડીવીડન્ડ અને વટાવની આવકો રોકડના આધારે ગણતરીમાં લીધેલ છે. તે સિવાયની બીન ઉપજાઉ અસ્કયામતો ઉપર વ્યાજના તથા બિજા બિન ઉપજાઉ ધિરાણ આધારે ખાતાઓ ઉપરનું વ્યાજ રીઝર્વ બેંકના માર્ગદર્શન નિયમ મુજબ જ્યારે ખરેખર ખાતામાં જમા કરવામાં આવે છે ત્યારેજ વ્યાજ આવક તરીકે ગણવામાં આવે છે. ધિરાણ તથા રોકડનાં વ્યાજને તેના રોકાણનાં સમયના પ્રમાણમાં ધ્યાનમાં લેવામાં આવે છે.

૩. જાવક (ખર્ચાઓ) - સામાન્ય રીતે બધાંજ ખર્ચ સિવાય કે નાની રકમનાં ખર્ચના વ્યવહારની અચોક્કસતા અને પ્રચલિત પ્રેક્ટીસને ધ્યાનમાં લેતાં થવા પાત્ર ખર્ચને આધારે ગણતરીમાં લેવાય છે. જેવા કે

(અ). રજાઓ સામેનું ચુકવણું (આ રકમની સંભવીત્તા સામે જોગવાઇ બેંક ધ્વારા કરવામાં આવે છે.)

(બ). પરચુરણ ખર્ચ/લવાજમ/મુસાફરી ખર્ચ / ઓડીટ ફી તેમજ લીગલ ફી (જરૂરી જોગવાઇને આધીન)

(ક). વિમા પ્રિમીયમ - ડીપોઝીટ તથા કરજ પર વ્યાજની ગણતરી તેના સમયના પ્રમાણમાં ધ્યાનમાં લેવામાં આવે છે.

૪. બેંકની આવક તથા ખર્ચને વ્યાપારી પદ્ધતિના ધોરણે નક્કી કરવામાં આવે છે આ અંગે જે તે આવક તેમજ ખર્ચ અંગેના મટીરીયાલીટીના ધોરણને ધ્યાનમાં લેવામાં આવે છે.

૫. સ્ટાફના નિવૃતિનાં લાભો -

(અ) પ્રોવીડન્ટ ફંડ - પ્રોવિડન્ટ ફંડ તે એક ફાળાની વ્યાખ્યા મુજબનો પ્લાન છે. પ્રોવિડન્ટ ફંડમાં બેંકના ફાળાની રકમ નફા નુકશાન ખાતે ઉધારવામાં આવે છે. અને તે મુજબ રેવન્યુ એકાઉન્ટમાં ખર્ચની નોંધ કરેલ છે. બેંકની આ સિવાયની વધારાની બીજી કોઇ જવાબદારી રહેતી નથી.

(બ) ગ્રેજ્યુઇટી ફંડ - ગ્રેજ્યુઇટી ફંડ તે એક ફાળાની વ્યાખ્યા મુજબનો પ્લાન છે. ગ્રેજ્યુઇટી કાયદાની જોગવાઇના આધારે વર્ષ આખરે જે ગ્રેજ્યુઇટીની રકમ ચુકવવાની થાય છે તે રકમ પ્રમાણે નફા નુકશાન ખાતે ઉધારીને બેંક એલ.આઇ.સી. સાથે ગ્રૃપ ગ્રેજ્યુઇટી ફંડમાં જોડાયેલ હોઇ તેવી પ્રિમીયમની રકમ સદર ફંડમાં મોકલી આપવામાં આવે છે.

